| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૫/૧૨/૨૦૨૪ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૬૮ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૪

**સોલા હાઈકોર્ટઃ** પુજા ડો/ઓ હરીકૃષ્ણ રાઠોડ (ઉ.વ.૧૮) (રહે. રાજીવનગર સોસાયટી ઉમા ટેનામેન્ટ પાસે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૪ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે **સોલા હાઈકોર્ટ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.મકરાણી ચલાવે છે.

**નવરંગપુરાઃ** નવરંગપુરા ગુલબાય ટેકરા સમર્પણ ફ્લેટ સામે કેપી હોસ્ટેલ બ્લોક નંબર-એ રૂમ નંબર ૫૧૫ ખાતે રહેતા મંથનકુમાર પ્રવિણકુમાર પટેલ (ઉ.વ.૨૧) (મુળ વતન. યોગીનગર સોસાયટી શ્યામસુંદર સોસાયટી પાસે સહકારી જીન રોડ હિંમતનગર સાબરકાંઠા) એ તા.૧૩/૧૨/૨૦૨૪ રાતના ૧૦/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પોતાના મોઢાના ભાગે પ્લાસ્ટિકની થેલી બાંધી હાથ રૂમાલથી ગળાના ભાગે ગાંઠ બાંધેલી હાલતમાં મૃત મળી આવેલ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પ્રિયંકા ઉર્ફે પીન્કી ડો/ઓ ઓમપ્રકાશ ડારા (ઉ.વ.૧૮) (રહે. સહજાનંદ બંગ્લોઝ સર્જન બંગ્લોઝ પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૪ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી